તારીખ : ૧૦-૨-૨૦૨૦ સોમવાર નોબત (૫૯)



# જામનગર ચેમ્બર દ્વારા પોસ્ટ બજેટ અંગે માર્ગદર્શક સેમિનાર યોજાયો




જામનગર તા. ૯: જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, કોમર્શિયલ ટેક્સ પ્રેક્ટીશનર્સ એસોસિએશન, જામનગર તથા જામનગર ટેક્ષ કન્સલટન્ટ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે જામનગર ચેમ્બરમાં કેન્દ્રીય બજેટ ૨૦૨૦-૨૦૨૧ના અંગે માર્ગદર્શક પોસ્ટ બજેટ સેમિનાર તા. ૪-૦૨-૨૦૨૦ના યોજવામાં આવ્યો હતો.

આ સેમિનારમાં સંસ્થાના પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજાએ સ્વાગત કરતા જણાવેલ કે જામનગર ચેમ્બર તથા સાથી એસોસિએશન સાથે મળી પ્રતિવર્ષ બજેટની છણાવટ કરવા તથા વ્યાપારીઓ-ઉદ્યોગકારોને તથા સભ્યોને માર્ગદર્શન મળી રહે તે માટે કેન્દ્રીય યુનિયન બજેટ ઉપર માર્ગદર્શક કાર્યક્રમ યોજે છે, જે મુજબ કેન્દ્રીય યુનિયન (પોસ્ટ) બજેટ ૨૦૨૦-૨૧ના વિશ્લેષણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વધુમાં જણાવેલ કે બજેટ જોગવાઈઓની છણાવટ નિષ્ણાત વકતા દિપકભાઈ રીંડાણી, (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) તથા વારીસભાઈ ઈસાની, (એડવોકેટ) દ્વારા સરળ ભાષામાં સમજણ અને માર્ગદર્શન ચેમ્બરના સર્વે સભ્યોને ખૂબ જ ઉપયોગી માર્ગદર્શક નિવડશે. ત્યારપછી બંને વક્તાઓને ઉપસ્થિત હોદ્દેદારો તથા પેનલ ચેરમેનના હસ્તે દિપકભાઈ રીંડાણીને માનદ સહ મંત્રી કૃણાલભાઈ શેઠ તથા ઈન્કમટેક્સ અને કોર્પોરેટ લોઝ પેનલ ચેરમેન કમલેશભાઈ રાઠોડે તથા વારીસભાઈ ઈસાનીને સ્ટેટ જીએસટી પેનલ ચેરમેન પંકજભાઈ વાઘર તથા કસ્ટમ અને સેન્ટ્રલ જીએસટી પેનલ ચેરમેન ભરતભાઈ ઓઝાએ પુષ્પ ગુચ્છ અર્પણ કરી સન્માનિત કર્યા હતા. વધુમાં દિપકભાઈ રીંડાણીને સંજીવભાઈ બુદ્ધ, પ્રમુખ જામનગર ટેક્ષ કન્સલટન્ટ એસોસિએશને તથા વારીસભાઈ ઈસાનીને જયેશભાઈ કાનાણી, ઉપપ્રમુખ ધી કોમર્શીયલ ટેક્ષ પ્રેક્ટીશનર્સ એસોસિએશન, જામનગર દ્વારા મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યો હતો. ત્યાર પછી પ્રથમ સેશનના અંતે ચેમ્બરના ઉપપ્રમુખ રમણીકભાઈ પી. અકબરીએ પ્રથમ સેશનનું આભાર દર્શન કર્યું હતું.

સેમિનારના દ્વિતીય સેશનમાં કેન્દ્રીય બજેટ ૨૦૨૦-૨૦૨૧ અંગે નિષ્ણાત વકતા સી.એ.દિપકભાઈ રીંડાણીનો પરિચય કૌપીલભાઈ દોશી, જામનગર ટેક્ષ કન્સલટન્ટ એસોસિએશને આપ્યો હતો. દિપકભાઈ રીંડાણીએ તેમના પ્રવચનમાં ડાયરેક્ટ ટેક્ષ વિશે બજેટની જોગવાઈઓની વિગતો રજુ કરી વિશ્લેષણ કર્યું હતું અને જણાવ્યું કે મંદીનું કારણ ડિમાન્ડ ઓછી થવાથી કેપિટલ ઓછી થાય છે જેથી જીડીપી ઘટેલ છે તેથી બજેટ પ્રત્યે અપેક્ષાઓ વધી ગઈ હતી. ટેક્ષ કલેકશન ૨૦૧૯-૨૦માં ઘટ્યું છે જે કદાચ ૨૦૨૦-૨૧માં ૧૮ થી ૨૦ ટકા વધશે. ટેક્ષ રેટના ઘટાડાથી સરકારને રેવન્યુ નુકસાની થશે, પરંતુ જો લોકો ટેક્ષ ભરતા થશે તો સરકારને આવક થશે અને તે આવક અન્ય યોજનાઓ મારફત લોકોને પરત મળશે આ તકે તેઓએ આવકવેરાના નવા દરો બાબત, પગારદાર કરદાતા બાબત, ડિવિડન્ટ ટેક્ષેશનમાં ફેરફાર બાબત, ટીડીએસ/ટીસીએસના પ્રશ્નો બાબત, મ્યચ્યુલ ફંડના રોકાણો અંગે, રિર્ટન ઓડીટની મુદ્દત, ઈ-એસેસમેન્ટ, ચાર્ટર રાઈટસ, ચેરીટેબલ ટ્રસ્ટો બાબત, સોલાર પાવર યોજનાઓ વગેરે બાબત વિસ્તૃત છણાવટ કરી સમજણ આપી હતી.

એડવોકેટ વારિસભાઈ ઈસાનીનો પરિચય સંસ્થાના માનદ મંત્રી અક્ષતભાઈ વ્યાસે આપ્યો હતો. વારીસભાઈ ઈસાનીએ કેન્દ્રીય બજેટ ૨૦૨૦-૨૧માં જીએસટીના સુધારા-વધારા બાબત સમીક્ષા કરતા જણાવેલ કે જીએસટી આવવાથી ગૃહિણીના બજેટમાં ૪ ટકા ઘટાડો થયેલ છે. તા. ૧-૦૧-૨૦૨૦થી જીએસટીમાં ફેરફારો આવેલ અંદાજે ૧૬ કલમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. તેમણે જણાવેલ કે સેક્શન ૨ (૧૧૪) જમ્મુ-કાશ્મીર યુનિયન ટેરેટરીમાંથી કાઢી નાખેલ છે. સેક્શન-૧૦ ઉચ્ચક વેરા બાબત, સેક્શન-૧૬ આઈટીસી વેરા શાખ બાબત, ડેબીટ નોટના ટ્રાન્ઝીટ અંગે, રજિસ્ટ્રેશન કેન્સલેશન અંગે, ઓનલાઈન અરજી બાબત, સર્વિસીઝના ટેક્ષ ઈન્વોઈસ અંગે, પોર્ટલ મુશ્કેલીઓ બાબત, ભવિષ્યમાં આવનાર ઈ-ઈન્વોઈસ અંગે સ્ટાન્ડર્ડ ઓપરેટીવ પ્રોસીઝર બાબત તથા ડોક્યુમેન્ટ આઈડેન્ટીફીકેશન નંબર બાબત વગેરે અંગે સરળ ભાષામાં માર્ગદર્શન આપ્યું હતું. સેમિનારના અંતે રસપ્રદ પ્રશ્નોતરી યોજાઈ હતી. જેમાં નિષ્ણાત વક્તાઓ દ્વારા પ્રત્યુત્તર આપવામાં આવ્યા હતા. સેમિનારનું સંચાલન સંસ્થાના માનદ મંત્રી અક્ષતભાઈ વ્યાસએ કરવામાં કર્યું હતું.